**SSC જુલાઇ પૂરક - 2022**

ગુણચકાસણી/દફતર ચકાસણી/નામ સુધારણા

ક્રમાંક:મઉમશબ/માધ્યમિક/પરીક્ષા/પૂરક/2022/116

ગુ.મા અને ઉ.મા શિક્ષણ બોર્ડ,

સેકટર-10/બી, સચિવાલય પાસે,

ગાંધીનગર.

તા:-06/08/2022

જિ. શિ. અ. કચેરી, વડોદરા.
પત્રની નોંધણી નંબર 3995
તારીખ 8-8-22
સહી
કચેરીની સહી

પ્રતિ,

આચાર્યશ્રી,

નોંધાયેલ માધ્યમિક શાળા,

તમામ, ગુજરાત રાજ્ય.

વિષય:- ધો.10 જુલાઇ પૂરક-2022ની પરીક્ષાની ગુણચકાસણી / દફતર ચકાસણી / નામ સુધારણા બાબત

શ્રીમાન,

જયભારત ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, જુલાઇ પૂરક-2022માં ધો.10 એસ.એસ.સી. પરીક્ષાના એક અથવા બે વિષયમાં ઉપસ્થિત ઉમેદવારોની પરીક્ષાનું પરિણામ તા:-06/08/2022ના રોજ ઓનલાઇન જાહેર કરવામાં આવેલ છે. પરિણામ બાદ પરીક્ષા આપનાર ઉમેદવારો માટે ગુણચકાસણી / દફતર ચકાસણી અને નામ સુધારાની કાર્યવાહી કરવા નીચે મુજબની સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવે છે. જેને ધ્યાને લઇ સમયમર્યાદામાં કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

ગુણચકાસણી બાબત :-

ધો.10 જુલાઇ પૂરક - 2022ના એક – બે વિષયમાં ઉપસ્થિત ઉમેદવારોનું ઓનલાઇન પરિણામ તા:-06/08/2022ના રોજ જાહેર થયેલ છે. પરિણામ બાદ તા:-08/08/2022 થી તા:-17/08/2022 સુધી બોર્ડની વેબસાઇટ www.gseb.org પર ઓનલાઇન ગુણચકાસણીનું આવેદન ભરી શકાશે. આ માટે ઑફલાઇન / રજી. પોસ્ટ કે રૂબરૂ અરજી સ્વીકારવામાં આવશે નહીં. ગુણચકાસણીની જરૂરી ફી એક વિષય દીઠ 100/- રૂ. લેખે ઓનલાઇન પેમેન્ટ માધ્યમે કરવાની છે. અરજી કરવા બાબતે વિગતવાર સૂચનાઓ બોર્ડની વેબસાઇટ પર મૂકેલ છે.

દફતર ચકાસણી બાબત :-

ધો.10 જુલાઇ પૂરક – 2022ના પરિણામ બાદ દફતર ચકાસણીની કાર્યવાહી જેમાં કે ઉમેદવારને આપેલા (બોર્ડ દ્વારા લેવામાં આવતી પરીક્ષાના એક-બે વિષયોમાંથી જ) ગુણપત્રકમાં કોઇ અમુક વિષયમાં અનુપસ્થિત (Absent) નોંધવામાં આવ્યો હોય તે અથવા ઉત્તરવહી પર ખોટો બેઠક ક્રમાંક લખ્યો છે કે અમુક વિષયમાં અન્ય ઉમેદવારના બેઠક નંબરથી પરીક્ષા આપેલ છે તેવા કિસ્સામાં ઉમેદવાર દ્વારા જે શાળામાંથી આવેદનપત્ર ભરેલ હોય તે શાળામાંથી આ સાથે બીડેલ પરિશિષ્ટ – 9 માં દરખાસ્ત કરવાની રહેશે અને તેમાં માંગેલ તમામ આધારોનું બીડાણ કરી તા:-08/08/2022 થી તા:-17/08/2022 સુધી બોર્ડની માધ્યમિક શાખામાં "મદદનીશ સચિવ" માધ્યમિક શાખા, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર (દફતર દરખાસ્ત) એમ લખીને રૂબરૂ કે રજિસ્ટર્ડ ટપાલ દ્વારા મળી જાય તે રીતે મોકલવાની છે.

સમયમર્યાદા બાદ આવેલ દરખાસ્તોને ધ્યાને લેવામાં આવશે નહીં. દફતર ચકાસણીની દરખાસ્તો માટે બોર્ડ દ્વારા કોઇ ફી નિર્ધારિત કરવામાં આવેલ નથી.

<u>નામ સુધારા બાબત :-</u>

ધો.10 જુલાઇ પૂરક – 2022માં ઉપસ્થિત ઉમેદવારના ગુણપત્રક / પ્રમાણપત્રમાં નામ કે જન્મતારીખમાં ભુલ જણાય તો શાળા માધ્યમે બિડેલ પરિશિષ્ટ-4, 4-અ અને 4-બમાં શાળાના લેટરહેડ સાથે દરખાસ્ત કરવાની રહેશે. જેની સાથે માધ્યમિક શાળાના જનરલ રજીસ્ટરની પ્રમાણિત નકલ, અગાઉના ગુણપત્રકમાં જો સાચું નામ હોય તો તેની પ્રમાણિત નકલ, શાળા છોડ્યાના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ, અસલ ગુણપત્રક / પ્રમાણપત્ર સાથે બોર્ડની માધ્યમિક શાખાના “મદદનીશ સચિવ” માધ્યમિક વિભાગ, એ.બી.સી. શાખામાં મળી રહે તે રીતે રૂબરૂ કે રજિસ્ટર્ડ ટપાલ દ્વારા મોકલી આપવાનું રહેશે. <u>(આ દરખાસ્ત મેઇલ માધ્યમે સ્વીકારવામાં આવશે નહીં.)</u>

પૂરતા દસ્તાવેજો ન હોવાના કારણે નામ કે જન્મતારીખનો સુધારો થઇ શકશે નહીં. જુલાઇ પૂરક – 2022 પરીક્ષાના ઓનલાઇન પરિણામની તારીખથી ત્રણ મહિના સુધી કોઇ સુધારા ફી બોર્ડ દ્વારા લેવામાં આવતી નથી.

(ડૉ. બી.એ.ચૌધરી)
નાયબ નિયામક પરીક્ષા
(માધ્યમિક)
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર
માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

<u>બિડાણ:-</u>

1. દફતર ચકાસણી પરિશિષ્ટ – 9
2. નામ / અટક / જન્મતારીખ સુધારા પરિશિષ્ટ-4, 4-અ અને 4-બ

<u>સવિનય નકલ રવાના જાણ સારું:-</u>

1. માનનીય અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિ. બોર્ડ, ગાંધીનગર
2. માનનીય સચિવશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિ. બોર્ડ, ગાંધીનગર
3. માનનીય નિયામકશ્રી (પરીક્ષા), ગુ.મા. અને ઉ.મા. શિ. બોર્ડ, ગાંધીનગર
4. જિલ્લાશિક્ષણાધિકારીશ્રી, તમામ ગુજરાત રાજ્ય, તાબાની માધ્યમિક શાળાના આચાર્યશ્રીઓને જાણ તથા અમલ કરવા સારું

ક્ર: કાઉ-બોર્ડ/૨૦૨૨/૫૬૭૧
જિ. શિ. અ. કચેરી,
કારેલીબાગ, વડોદરા
તા. ૮/૮/૨૦૨૨

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક શાળાઓ તમામ,
જિ. વડોદરા

રા- જાણ તથા અમલ કરવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
વડોદરા.

